# સર્વજ્ઞ અંકલ

— કરસનદાસ લુહાર

ત્રણ ખુલ્લા ડબ્બાવાળી બતકગાડી એટલે નાની એવી ટ્રેન ! એક રૂપિયાની ટિકિટ લઈ એમાં બેસવાનું. પાતળા પાટા પર દોડતી બતકગાડીના બતક જેવા ડબ્બા આખા બાગ ફરતો આંટો મારે. વચ્ચે બે નાનાં સ્ટેશન પણ આવે.

નીરજ બે વાર બતકગાડીમાં બેઠો. સર્વજ્ઞ અંકલની આજુબાજુ ઊભેલું એક મોટું ટોળું જોયું ને તે ત્યાં પહોંચી ગયો. બાગમાં ફુવારાથી થોડે દૂર સફેદ દાઢીવાળા સર્વજ્ઞ અંકલ ઊભા હતા. સર્વજ્ઞ અંકલ એટલે જ્ઞાનનો ભંડાર. જે કંઈ પ્રશ્ન પૂછો, એનો સાચો ઉત્તર આપે.

સર્વજ્ઞ અંકલને ઘેરીને ઊભેલા સૌ જાતજાતના અને ભાતભાતના સવાલ પૂછતા હતા. અંકલ એના જવાબ તરત જ આપતા. સૌને ભારે નવાઈ લાગતી. સર્વજ્ઞ અંકલ આટલું બધું કેમ જાણતા હશે ?

નીરજના મનમાં તો હજીય બતકગાડી ટચુકડી ટ્રેન દોડતી હતી. અને એણે સીધો જ અંકલને પ્રશ્ન કર્યો : 'હે અંકલ, આપણા દેશની રેલગાડીઓમાં દરરોજ કેટલાં માણસો પ્રવાસ કરતાં હશે ?''

'એક કરોડ અને ૧૫ લાખથી વધારે !' અંકલનો જવાબ સાંભળી નીરજના મોંમાંથી નીકળી ગયું : અધધ !! એની બાજુમાં ઊભેલી સુજિતાએ તો એ નોંધ પોતાની નોટબુકમાં કરી લીધી. સુજિતા સર્વજ્ઞ અંકલ પાસે આવતી ત્યારે નોટબુક–પેન લઈને આવતી. જે કોઈ પ્રશ્નો પૂછે અને અંકલ જવાબ આપે તે નોંધી લેતી. આમ એની ત્રણ–ચાર નોટબુકો ભરાઈ ગયેલી. એના જ્ઞાનમાં પણ ઘણો વધારો થયેલો. અત્યારે એ કંઈક પ્રશ્ન પૂછવા વિચારતી હતી, ત્યાં જ નીરજે બીજો સવાલ કર્યો : 'અંકલ, આપણા દેશમાં રેલવે–સ્ટેશનો કેટલાં હશે ?' સર્વજ્ઞ અંકલના મોંમાંથી જવાબ છૂટ્યો : 'આપણા દેશમાં ૬,૯૮૪ જેટલાં રેલવે–સ્ટેશનો છે !''


સુજિતાનાં ટીચર સપનાબહેન પણ આજે સર્વજ્ઞ અંકલને મળવા આવી ચઢ્યાં. સ્કૂલમાં પરીક્ષા લેતાં હોય અને વિદ્યાર્થીઓને અટપટા પ્રશ્નો પૂછે એમ સપનાબહેન પૂછ્યું : 'એક ઈલેક્ટ્રિક ટ્રેન દક્ષિણથી ઉત્તર તરફ જઈ રહી છે; તો એનો ધુમાડો કઈ દિશામાં જતો હશે ?'

'ઈલેક્ટ્રિક ટ્રેનને ધુમાડો હોતો નથી !' સર્વજ્ઞ અંકલનો જવાબ સાંભળી સૌ મુગ્ધ થઈ ગયાં.

નીરજનો મિત્ર પુલકિત પુસ્તકો વાંચવાનો બહુ શોખીન હતો. જ્યારે જુઓ ત્યારે એ સ્કૂલની લાયબ્રેરીમાં જ હોય. બસ પુસ્તકો જ વાંચ્યા કરે. પણ જ્યારથી આ 'સ્વીટી ચિલ્ડ્રન પાર્ક'માં સર્વજ્ઞ અંકલને ઊભા રાખવામાં આવ્યા ત્યારથી  એ દરરોજ અંકલની મુલાકાતે આવતો. પુલકિત એની

સ્કૂલના પુસ્તકાલયનો મંત્રી પણ હતો. એટલે એણે એવો જ સવાલ કર્યો : 'જગતનું સૌથી મોટું પુસ્તકાલય

કયું ? એ ક્યાં આવેલું છે ? અને એમાં કેટલાં પુસ્તકો છે ?' પુલકિતનો પ્રશ્ન મોટો અને અઘરો હતો પણ સર્વજ્ઞ  અંકલ એટલે સર્વજ્ઞ અંકલ ! એમને ન આવડે એ તો બને જ નહિને ! અંકલે ફટ કરતાંકને જવાબ આપ્યો : 'વિશ્વનું સૌથી મોટું પુસ્તકાલય : 'લેનિન લાયબ્રેરી', તે રશિયાના પાટનગર મૉસ્કોમાં આવેલું છે. આ પુસ્તકાલયમાં બે કરોડ પુસ્તકો છે !' જવાબ સાંભળી પુલકિત પ્રસન્ન થઈ ગયો.



૯મું ભણતી હોંશિયાર વિદ્યાર્થિની કિન્નરીએ જાણવું હતું કે, ક્યું પ્રાણી લાંબુ જીવન જીવે ? સર્વજ્ઞ અંકલે જણાવ્યું કે, 'કાચબો ૩૦૦ વર્ષ જીવે !'

પૂર્વી એક માહિતી જાણીને આવી હતી, તેથી એણે પૂછ્યું : '૧૯૯૧ની ૨૫ એપ્રિલે કયો વાર હતો ?'

'ગુરુવાર !' અંકલનો જવાબ હાજર !

એક સ્ટેચ્યુ ગાય કે બોલે, એ તો બરાબર પણ બધા સવાલોના જવાબ પણ આપે ! ગમે તે વિષયનો પ્રશ્ન હોય અંકલ સાચો જવાબ આપે જ. કમાલ કહેવાય ! શહેરના આ બાગમાં ઊંચી ડોક

રાખીને ઊભેલા પથ્થરના જિરાફભાઈની નજીક એક ફુવારો હતો, અને એનાથી થોડાક આઘા સર્વજ્ઞ અંકલ ઊભા છે !

આ બાગ તો બાળકોનું સ્વર્ગ ગણાય છે ! અહીં અનેક પ્રકારનાં રંગબેરંગી ફૂલો કાયમ સુગંધીસુગંધી સ્મિત વેરતાં રહે છે, ઉપરાંત ઠેકઠેકાણે ફુવારા, અરીસાઘર, ખગોળદર્શનની ગુફા, માથા પર કલર ટી.વી. રાખીને ઊભેલા ભોલુભાઈ તો સાવ સાચુકલા જ લાગે ! પણ સર્વજ્ઞ અંકલ જ્યારથી આ બાગમાં આવ્યા ત્યારથી બાગ એક વિદ્યાલય જેવો થઈ ગયો ! જે જ્ઞાન મેળવવા ઈચ્છો તે સર્વજ્ઞ અંકલ પાસેથી મળે. સવાલ પૂછવા પડે.

સર્વજ્ઞ અંકલની આખા શહેરમાં વાતો થતી. વિજ્ઞાનકેન્દ્રવાળા વિપિનભાઈ કહેતા : 'આ તો આપણા શિલ્પકાર ચિત્તલિયાભાઈએ પ્લાસ્ટક ઑફ પેરિસમાંથી બનાવેલું માનવ આકારનું સ્ટેચ્યું છે. એની અંદર એક સુપર કમ્પ્યૂટર ગોઠવેલું છે, તે બધા જવાબ આપે છે !' જે હોય તે, પણ બગીચામાંના આ સર્વજ્ઞ અંકલ વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષક જેવા થઈ ગયા હતા. રવિવારે તો આ એમની ખુલ્લી સ્કૂલ હકડેઠઠ થઈ જતી. સર્વજ્ઞ અંકલના કાન પાસે મોં લઈ જઈને સવાલ કરવાનો માઈક્રો–ફોન જેવા કાનમાંથી સૌને સવાલ સંભળાતો. પછી અંકલ એવા જ મોટા અવાજમાં જવાબ આપતા. આજે રવિવાર હતો. પ્રશ્નોત્તરી બરાબર જામી હતી. પત્રકારત્વનો અભ્યાસ કરતા પૃથ્વીશે સરસ પ્રશ્ન કર્યો : 'ભારતનું પ્રથમ છાપું કયું ?'

અંકલનો જવાબ વિગતવાર જ હોય; 'ઈંડિયાગૅઝેટ' ભારતનું પ્રથમ વર્તમાનપત્ર હતું. તે ઈ.સ. ૧૭૭૬માં કલકત્તાથી પ્રકટ થયેલું.'

પૃથ્વીશની બાજુમાં નરેન ઊભો હતો. તે નટખટ અને ટીખળી હતો. એણે સર્વજ્ઞ અંકલના કાનમાં મોં લઈ જઈને પૂછ્યું : મારા મિત્ર મયંકની જન્મતારીખ ૩૦–૨–૧૯૮૯ છે. તો તે તારીખે કયો વાર હશે ?'

સવાલ સાંભળી અંકલ હસ્યા. પછી એ પ્રશ્ન એમણે જ દોહરાવ્યો : 'ત્રીસ, બે, ઓગણીસો નેવ્યાસીએ કયો વાર હશે ?' થોડીવાર થંભ્યા અને કહ્યું : 'બીજો મહિનો એટલે ફેબ્રુઆરી. ફેબ્રુઆરીને ત્રીસમી તારીખ જ હોતી નથી, પછી વાર તો ક્યાંથી હોય ?'

એ પછી કોઈકે ગણિતનો, કોઈકે વિજ્ઞાનનો, તો કોઈએ વળી ભૂગોળ અને ખગોળના સવાલો પૂછ્યાં. એમ ઘણા સવાલ પુછાયા. બધા પ્રશ્નોના જવાબ અંકલે આપી દીધા. નરેનને વળી પાછી ચાનક

ચઢી. એણે ફરીથી એ જ પ્રશ્ન કર્યો : ‘મારા મિત્ર મયંકની જન્મતારીખ ૩૦–૨–૧૯૮૯ છે; તે દિવસે કયો વાર હશે ?’

અંકલે ફરી જવાબ આપ્યો : ‘ફેબ્રુઆરીના ત્રીસ દિવસ હોતા નથી. પછી વાર ક્યાંથી આવે ?’

એ પછી જુદાજુદા છ–સાત સવાલો પુછાયા, જવાબ મળ્યા. વળી પાછો નરેન આગળ ચાલ્યો. સૌને થયું; હવે એ શું પૂછવાની હશે ? એણે એ જ પ્રશ્ન ત્રીજી વાર કર્યો : ‘મયંકની જન્મ–તારીખ ૩૦મી ફેબ્રુઆરી ૧૯૮૯એ કયો વાર હતો ?

અને ભારે થઈ ! સૌ ચોંકી ગયા. સર્વજ્ઞ અંકલના મોંમાંથી ગુસ્સાભર્યો મોટા અવાજ નીકળ્યો : મૂરખ, બુધ્ધુ સમજતો નથી ! મેં બે વખત કહ્યું ફેબ્રુઆરીને ૩૦ દિવસ હોતા નથી. છતાં પાછો એ જ સવાલ પૂછ્યો ?!?’

અને અંકલની બંને આંખોમાં લાલ લાઈટ થઈ ગઈ ! તેમના કાનમાંથી ધુમાડો નીકળવા માંડયો. આ જોઈ સૌ ડઘાઈ ગયા. નાના વિદ્યાર્થીઓ તો મુઠ્ઠીઓ વાળીને ભાગી ગયા.

બાજુની ઑફિસમાંથી એક માણસ દોડતો આવ્યો. આવીને તાડૂકવા લાગ્યો : ‘સર્વજ્ઞ અંકલને કોણે ગુસ્સે કર્યો ? કમ્પ્યૂટરને કોણે ચીઢવ્યું ? હવે એ નહિ ચાલે. રિપેર કરાવવું પડશે.’

આઠ દિવસથી બાગમાં એ જગ્યાએ પાટિયું મારવામાં આવ્યું છે, તેમાં લખ્યું છે : ‘હાલમાં સર્વજ્ઞ અંકલ બીમાર છે, તેમની સારવાર ચાલી રહી છે.’

વિદ્યાર્થીઓનાં ટોળાં આવે છે. સર્વજ્ઞ અંકલને દૂરથી જુએ છે. પછી પાટિયાનું લખાણ વાંચે છે અને નિરાશ થઈ જાય છે. કેટલાક વળી ઑફિસમાં જઈને કમ્પ્યૂટર–ચાલક જેવા કોઈક માણસને પૂછે છે; તો એ જવાબમાં કહે છે : ‘સવાલના જવાબ આપતું માણસ આકારનું કમ્પ્યૂટર ઝડપથી રિપેર થઈ રહ્યું છે.’

શહેરમાં એવી વાતો થઈ રહી છે કે : સર્વજ્ઞ અંકલને કોઈક મોટી બીમારી આવી છે !

સર્વજ્ઞ અંકલ જલદી જલદી સાજા થઈ જાય એમ સૌ કોઈ ઇચ્છી રહ્યાં છે.

■